નં.ડીએમ/લો.સ.ચટણ/૦૧-૦૨/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૧૨ /૦૪/૨૦૨૪

વિષય:- ચૂંટણી ફરજ માટે નિમાયેલા અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને કાર્યપાલક મેજીસ્ટ્રેટની સત્તાઓ આપવા બાબત.

**વંચાણે લીધા:-**

(૧) ભારતના ચૂંટણીપંચની પ્રેસનોટ નં.ઈસીઆઇ/પીએન/૨૩/૨૦૨૪, તા.૧૬/૦૩/૨૦૨૪
(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૮/૧૦/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક:જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ.
(૩) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, જામનગરનો તા.૨૮/૦૨/૨૦૨૪નો હુકમ ક્રમાંક: ચટણ/લો.સ./FST/SST/VVT/૨૮૦૨/૨૦૨૪.
(૪) મદદનીશ ચૂંટણી અધિકારી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તાર ૭૯-જામનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગરના તા.૦૫/૦૩/૨૦૨૪ના હુકમ ક્રમાંક: ચટણ/લો.સ.-૨૦૨૪/૫૦૩(૨)/૨૦૨૪ તથા તા.૧૧/૦૩/૨૦૨૪ ના હુકમ નં.ચટણ/લો.સ.-૨૦૨૪/૧૧૦૩(૧)/૨૦૨૪.
(૫) મદદનીશ ચૂંટણી અધિકારી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તાર ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)ના તા.૧૧/૦૩/૨૦૨૪ના હુકમ ક્રમાંક: ચટણ/લો.સ./એસ.એસ.ટી.સુધારા હુકમ/૨૦૨૪.
(૬) મદદનીશ ચૂંટણી અધિકારી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તાર ૭૮-જામનગર (ઉતર) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર) ના તા.૨૯/૦૨/૨૦૨૪ના હુકમ ક્રમાંક: ચટણ/લો.સ./SST/FST/VVT/૨૦૨૪ તથા તા.૧૨/૦૩/૨૦૨૪ના હુકમ ક્રમાંક: ચટણ/લો.સ./FST/SST/ VVT/૨૦૨૪.
(૭) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરના તા.૧૬/૦૩/૨૦૨૪ના હુકમ નં. ડીએમ/લો.સ.ચટણ/૦૧/૨૦૨૪ તથા તા.૨૨/૦૩/૨૦૨૪ના હુકમ નં.ડીએમ/લો.સ.ચટણ/૦૧-૧/૨૦૨૪
(૮) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, જામનગરનો તા.૧૦/૦૪/૨૦૨૪નો હુકમ ક્રમાંક: ચટણ/લો.સ.સા.ચૂ./FST-SST/ટીમ રચના/૦૯૦૪/૨૦૨૪

**આદેશ:-**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને ૧૨-જામનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાના તમામ ૫ (પાંચ) વિધાનસભા મતદાર વિભાગો માટે જેમને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી તરફથી, આ કચેરી તરફથી, નોડલ અધિકારીશ્રી તરફથી, ચૂંટણી અધિકારી/મમદનીશ ચૂંટણી અધિકારી તરફથી ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવેલ હોય અને તે પૈકી જે અધિકારીઓ/કર્મચારીઓને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલા નથી તેવા અધિકારીઓ/કર્મચારીઓને ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણે લીધેલ-(૨) જાહેરનામા મુજબ **ફોજદારી કાર્યરીતિ ૧૯૭૩ની કલમ-૨૧** હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ **અધિનિયમની કલમ-૪૪,૧૦૩,૧૦૪,૧૨૯ અને ૧૪૪ ના અધિકારો** મળવાપાત્ર થાય છે. આ અધિકારો ભોગવવા માટેનો વિસ્તાર અને સમયગાળો નિશ્ચિત કરવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવેલ છે.

હાલ ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર રાજકીય પક્ષો/ઉમેદવારો તરફથી કરવામાં આવતા ખર્ચ ઉપર દેખરેખ અને નિયંત્રણ જળવાઇ રહે તે માટે ફ્લાઇંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમોની રચના

વંચાણ-(૩) ના હુકમથી કરવામાં આવેલી છે. જેમાં વંચાણ લીધા – (૪), (૫) અને (૬) ના હુકમથી મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી દ્વારા ફેરફાર કરવામાં આવેલ છે. જેઓને વંચાણે લીધા –(૭) ના હુકમથી કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકારો ભોગવવા અધિકૃત કરાવામાં આવેલ છે.

બાદમાં વંચાણે લીધા-(૮) ના હુકમથી આ ટીમના સભ્યોની સંખ્યામાં વધારો કરવામાં આવેલ છે. આ ટીમોને તેમની કામગીરી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની ઉપસ્થિતિમાં કરવાની રહે છે. પરંતુ હોદ્દાની રૂએ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટના અધિકારો ધરાવતા નાયબ મામલતદાર સંવર્ગના કર્મચારીઓની અન્ય ફરજો અને મર્યાદિત સંખ્યાને ધ્યાને લઇ આ ટીમો માટે અન્ય ખાતાના કર્મચારીઓ કે જેઓ હોદ્દાની રૂએ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટના અધિકારો ધરાવતા નથી તેઓની પણ નિયુક્તિ કરવામાં આવેલ છે.

આથી વંચાણે લીધા –(૮)ના હુકમથી નવનિયુકત પામેલ પરિશિષ્ટ-'એ' માં દર્શાવેલ ફ્લાઇંગ સ્કવોડના કર્મચારી/અધિકારીઓને તથા પરિશિષ્ટ-'બી' માં દર્શાવેલ સ્ટેટીક સર્વેલન્સ ટીમના કર્મચારી/અધિકારીઓને તેઓ જે વિધાનસભા મતદાર વિભાગમાં નિયુક્ત થયેલ હોય તે વિસ્તારના કાર્યક્ષેત્રમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ની આચારસંહિતા અમલમાં આવ્યા તા.૧૬/૦૩/૨૦૨૪ ના કલાક ૧૭.૦૦ થી તા.૦૭/૦૫/૨૦૨૪ (મતદાન પૂર્ણ થાય ત્યા) સુધીના સમયગાળા માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના સરકારશ્રીએ વંચાણ-(૨)માં ઉલ્લેખ કરેલ જાહેરનામાંથી આપેલ અધિકારો ભોગવવા અધિકૃત કરવામાં આવે છે.

પરિશિષ્ટ-'એ' અને 'બી' માં જણાવેલ કર્મચારી/અધિકારીએ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારોનો ઉપયોગ ફક્ત ચૂંટણીલક્ષી કામગીરી માટે જ કરવાનો રહેશે અને આ અધિકારોનો દુરઉપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(બી.કે.પંડ્યા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

પ્રતિ,
સબંધિત કર્મચારી/અધિકારીશ્રી
................................
(મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી મારફત)

નકલ રવાના:-

૧) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર
૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામગનર
૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

... સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિદ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરુરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારુ.

૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય),લાલપુર,ધ્રોલ
૫) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭–જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)

૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮–જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)

૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯–જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦–જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર.

૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)

૧૧) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા

૧૨) થાણા ઈન્ચાર્જશ્રી, .......................... પો.સ્ટેશન, જિ.જામનગર (તમામ)

૧૩) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૫) માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

નકલ સવિનય રવાના:–

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર

૩) રજીસ્ટ્રારશ્રી,
નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટ, જામનગર.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

તા.૨૨/૦૪/૨૦૨૪ના આદેશ ક્રમાંક: ડીએમ/લો.સ.ચટણ/૦૧-૨/૨૦૨૪ નું

## પરિશિષ્ટ – 'એ'

| ક્રમ | લોકસભા મતવિસ્તાર | ફ્લાઇંગ સ્કવોડમાં નિયુક્ત થયેલ સભ્યો | | |
|---|---|---|---|---|
| | | નામ અને હોદ્દો | મોબાઇલ નં. | કચેરી |
| ૧. | ૭૬-કાલાવડ | શ્રી વી.જે. રોજીયા, વિસ્તરણ અધિકારી | ૯૧૦૬૫૫૧૮૪૬ | તાલુકા પંચાયત કચેરી, કાલાવડ |
| ૨. | | શ્રી એમ.પી. ઝવેરી, વિસ્તરણ અધિકારી | ૯૮૨૪૮૯૦૫૩૦ | તાલુકા પંચાયત કચેરી, કાલાવડ |
| ૩. | | શ્રી એસ.જે. કેરાળીયા, વિસ્તરણ અધિકારી | ૭૭૭૭૯૨૭૭૨૬ | તાલુકા પંચાયત કચેરી, કાલાવડ |
| ૪. | ૭૭-જામનગર (ગ્રા) | શ્રી રાઠોડ સોહમ એન., આંકડા મદદનીશ | ૮૨૦૦૪૨૦૬૭૯ | તાલુકા પંચાયત, જોડીયા |
| ૫. | | શ્રી સોલંકી ભાવેશ આર., વિસ્તરણ અધિકારી | ૯૪૨૮૫૭૦૨૩૫ | તાલુકા પંચાયત, જોડીયા |
| ૬. | | શ્રી ગાંગાણી પાર્થ કે., આંકડા મદદનીશ | ૭૦૪૬૧૧૩૦૩૧ | આઇ.સી.ડી.એસ. કચેરી, જામનગર |
| ૭. | ૭૮-જામનગર ઉત્તર | ડૉ. એસ. કે. પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક | ૯૪૨૭૨૫૯૧૪૧ | બાજરા સંશોધન કેન્દ્ર, જામનગર |
| ૮. | | શ્રી સુનીલ મહેશચંદ્ર શાહ, વિકાસ અધિકારી | ૯૩૨૮૧૧૯૦૦૯ | ભારતીય જીવન વિમા નિગમ, જામનગર |
| ૯. | | શ્રી અજયકુમાર કે. સિંઘ, સુપ્રિન્ટેન્ડન્ટ | ૮૨૦૦૮૪૬૬૭૬ | આયુક્ત કાર્યાલય, સીમા શુલ્ક (નિવારક), જામનગર |
| ૧૦. | ૭૯-જામનગર દક્ષિણ | શ્રી જે. સી. આયરા, મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક | ૯૮૨૫૬૯૦૭૫૦ | મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રીની કચેરી |
| ૧૧. | | શ્રી વી. પી. ગજેરા, નાયબ કાર્યપાલક ઈજનેર | ૯૯૦૪૨૧૬૨૭૫ | જી. આઈ. ડી. સી. જામનગર |
| ૧૨. | | શ્રી જે. એચ. ચાવડા, રાજ્ય વેરા અધિકારી | ૭૪૩૪૮૮૦૫૯૫ | સહાયક રાજ્ય વેરા અધિકારીશ્રીની કચેરી, જામનગર |
| ૧૩. | ૮૦-જામજોધપુર | શ્રી એન. પી. વિસાણી, વિસ્તરણ અધિકારી | ૯૬૩૮૭૮૯૧૨૩ | તાલુકા પંચાયત, લાલપુર |
| ૧૪. | | શ્રી હમીરભાઈ શાખરા, વિસ્તરણ અધિકારી | ૯૯૨૪૬૦૨૫૫૦ | તાલુકા પંચાયત, જામજોધપુર |
| ૧૫. | | શ્રી ચૌહાણ સુરેશભાઈ કે., વિસ્તરણ અધિકારી | ૮૪૬૯૧૩૧૯૧૫ | તાલુકા પંચાયત, જામજોધપુર |

Office of the District Magistrate, Jamnagar District
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય

(બી.કે.પંડ્યા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

તા.૧૨/૦૪/૨૦૨૪ના આદેશ ક્રમાંક: ડીએમ/લો.સ.ચટણ/૦૧/૨૦૨૪ નું

## પરિશિષ્ટ – 'બી'

| ક્રમ | લોકસભા મતવિસ્તાર | સ્ટેટિક સર્વેલન્સ ટીમમાં નિયુક્ત થયેલ સભ્યો | | |
|---|---|---|---|---|
| | | નામ અને હોદ્દો | મોબાઈલ નં. | કચેરી |
| ૧. | ૭૬–કાલાવડ | શ્રી એચ. પી. તૈરૈયા,<br>નાયબ કાર્યપાલક ઈજનેર (એટીવીટી) | ૯૯૦૯૯૨૮૯૫૫ | એ.ટી.વી.ટી. પ્રાંત કચેરી, ધ્રોલ |
| ૨. | | શ્રી એસ. વી. બાવીશી,<br>નાયબ કાર્યપાલક ઈજનેર (પંચાયત) | ૮૯૮૪૯૨૪૭૭૯ | ના.કા.ઈ.શ્રીની કચેરી, મા. અને મ. (પંચાયત) પેટા વિભાગ, ધ્રોલ |
| ૩. | | શ્રી એલ. વી. મકવાણા,<br>વિસ્તરણ અધિકારી | ૯૯૦૪૪૯૮૭૫૨ | તાલુકા પંચાયત કચેરી, કાલાવડ |
| ૪. | ૭૭–જામનગર (ગ્રા) | શ્રી સંજયભાઈ જે. જાની,<br>સી. લેક્ચરર | ૯૧૦૬૫૫૯૭૧૫ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર |
| ૫. | | ડો. દિપેશકુમાર ડી. આસોંદરિયા,<br>જુ. લેક્ચરર | ૯૦૩૩૯૮૧૨૫૮ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર |
| ૬. | | ડો. સંજયભાઈ એમ. ચોવટીયા,<br>જુ. લેક્ચરર | ૯૮૨૫૭૬૪૯૯૭ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર |
| ૭. | ૭૮–જામનગર ઉત્તર | શ્રી ગેલોત દિલીપ,<br>ઓફીસર જેએમજીએસ | ૭૭૩૭૪૦૦૭૮૧ | સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, જામનગર |
| ૮. | | શ્રી જોષી સૈરભ,<br>સિનિયર મેનેજર | ૯૪૦૭૪૭૫૦૨૬ | બેંક ઓફ બરોડા, એમ. પી. હાઉસ બ્રાન્ચ, જામનગર |
| ૯. | | શ્રી રાયક્ક્ષ સમીર રમેશભાઈ,<br>સિનિયર મેનેજર | ૮૫૬૭૫૦૦૪૪૭ | બેંક ઓફ બરોડા, એમ. પી. હાઉસ બ્રાન્ચ, જામનગર |
| ૧૦. | ૭૯–જામનગર દક્ષિણ | શ્રી એસ. પી. પરમાર,<br>રાજ્ય વેરા નિરીક્ષક | ૮૭૮૦૭૧૫૪૦૪ | સહાયક રાજ્ય વેરા કમિશ્નરની કચેરી, જામનગર |
| ૧૧. | | શ્રી એ. એ. ચાવડા,<br>રાજ્ય વેરા નિરીક્ષક | ૯૬૦૧૮૧૧૮૩૮ | સહાયક રાજ્ય વેરા કમિશ્નરની કચેરી, જામનગર |
| ૧૨. | | શ્રી વી. આર. કણસાગરા,<br>મદદનીશ ઈજનેર | ૯૬૦૧૩૮૨૭૪૨ | ગુણવત્તા નિયમન અને નિયંત્રણ પેટા વિભાગ, જામનગર |
| ૧૩. | ૮૦–જામજોધપુર | શ્રી એ. આર. ગુપ્તા,<br>વિસ્તરણ અધિકારી | ૯૭૨૭૪૭૧૧૧૧ | તાલુકા પંચાયત કચેરી, લાલપુર |
| ૧૪. | | શ્રી એ. ટી. પરમાર,<br>વિસ્તરણ અધિકારી | ૯૮૨૪૫૪૯૦૫૯ | તાલુકા પંચાયત કચેરી, લાલપુર |
| ૧૫. | | શ્રી વાળા ઋતુરાજસિંહ એમ.,<br>વિસ્તરણ અધિકારી | ૯૪૨૭૩૭૦૬૭૨ | તાલુકા પંચાયત, જામજોધપુર |

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

(બી.કે.પંડ્યા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર